અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને પ્રમાણપત્રો આપતી વખતે ચોકસાઈ રાખવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અજપ/૧૨૮૬/ભા.સ./૨/ચ,
સચિવાલય, ગાંધીનગર. તા. ૨૭-૬-૧૯૮૬

વંચાણે લીધા :–

(૧) ભારત સરકારનો ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક : ૩૫/એ ૭૨-આરયુ (એસસી ટી વી) તા. ૨-૫-૭૫
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક : એસસી ડબલ્યુ-૧૦૮૨/૧૦૫૨/ખ તા. ૨૨/૧૧/૮૨.
(૩) ભારત સરકારનો ગૃહમંત્રાલયનો પત્ર ક્રમાંક : બી સી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બી સી ડી આઈ તા. ૬-૮-૮૪.
(૪) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના પત્ર ક્રમાંક : બી સી/૧૨૦૨૫/૧૩/૮૫/એસસી એન્ડ બી સી ડી તા.

પરિપત્રઃ–

૧. આમુખમાં દર્શાવેલ પરિપત્ર/પત્રથી અનુસૂચિત જનજાતિ/જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો આપવા અંગે જરૂરી સૂચનાઓ વખતો વખત આપવામાં આવેલી છે. આમ છતાં પૂરતી ચોકસાઈ કર્યા વિના અનુસૂચિત જનજાતિ/અનુસૂચિત જાતિના ખોટા પ્રમાણપત્રો અપાયાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આથી જાતિ પ્રમાણપત્રો કાઢી આપનાર સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવે છે કે ભવિષ્યમાં જાતિ પ્રમાણપત્રો આપતી વખતે કેન્દ્ર સરકારે નક્કી કરેલી માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં લઈ પૂરતા કાળજી અને ચોકસાઈ કર્યા બાદ જ જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે.

૨. જાતિ પ્રમાણપત્ર મેળવવાનો દાવો કરનાર ઉમેદવારના રહેઠાણ, તેના માતાપિતાની જાતિ, મેટ્રીક્યુલેશન કે શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર, જન્મ નોંધણી અંગેનું પ્રમાણપત્ર. ગામ દફતરે રાખવામાં આવતું રેકર્ડ વગેરે પુરાવાઓની કાળજી પૂર્વક ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્ર આપવું જોઈએ અને જરૂર જણાય યા કોઈ શંકા જણાતી હોય તેવા કિસ્સામાં પ્રમાણપત્ર કાઢી આપતાં પહેલાં સમાજ કલ્યાણ નિયામકશ્રીની સલાહ મેળવવી.

૩. જ્યારે પર પ્રાંતમાંથી અત્રે સ્થળાંતર કરી વસેલા ઈસમોને અનુ. જનજાતિ તથા અનુ. જાતિનું પ્રમાણપત્ર કયા સંજોગોમાં અને કયા ફોર્મમાં આપવું તે માટેની વિગતો અંગે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૬ ઓગષ્ટ, ૧૯૮૪ના આમુખમાં દર્શાવેલ પત્રની સૂચનાઓ જોવી અને તેને ધ્યાનમાં રાખીને જરૂરી કાર્યવાહી કરવી.

૪. આમુખમાં દર્શાવેલ ક્રમાંક : ૧, ૩ અને ૪ની નકલો આ સાથે માર્ગદર્શન માટે મોકલી આપવામાં આવે છે.

૫. આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સમાજ કલ્યાણ વિભાગની તા. ૧૪મી માર્ચ, ૧૯૮૬ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રમેશ રાઠોડ,**
સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ.

બિડાણ : ઉપર મુજબ.

પ્રતિ,

૧) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. તરફ વધારાની ૨૫ નકલો સાથે.
૨) સચિવાલયના સર્વ વિભાગો.
૩) સર્વ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
૪) સર્વ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૫) સર્વ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
૬) સર્વ તાલુકા મામલતદારશ્રીઓ.
૭) સર્વ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
૮) સેકશન અધિકારીશ્રી 'ખ' શાખા. સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯) સીલેક્ટ ફાઈલ.